જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૬/૦૩/૨૦૧૭ સોમવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૬૬/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૨ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૪૦૬ લીટર દેશી દારૂ, ૨૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૬ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૭૧ બીયરટીન, ૦૧ રીક્ષા અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૧૭ કેસ કરી ૧૨૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩,૬૭,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૬૭/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૨૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૪૬૮/૧૭

**આનંદનગર** : નરેન્દ્રભાઈ કલ્યાણભાઈ રાડીયા (ઉ.વ.૬૦)(રહે,શ્યામલ રો હાઉસ-૨, શ્યામલ ચાર રસ્તા પાસે સેટેલાઈટ) એ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૪/૩/૧૭ રાતનાં ૧૦/૩૦ થી તા.૫/૩/૧૭ સવારનાં ૧૦/૩૦ વાગ્યા દરમ્યાન શ્યામલ ચાર રસ્તા પાસે, શાગ્રીલા આર્કટ, દુકાન નંબર-૧૦ માં આવેલ સ્પેશયલ ગ્રોસરી નામની પોતાની દુકાનની બારીની ગ્રીલ કાપી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનના ડ્રોવર માંથી રોકડ રૂપીયા ૬૦,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એન.ચૌધરી ચલાવે છે.

## ચોરી :- સમાચાર યાદી નં.૪૬૯/૧૭

**નવરંગપુરા** : મુકેશ જયંતીલાલ ચૌધરી (ઉ.વ.૪૦)(રહે,સમાન ફ્લેટ, સ્વસ્તીક સોસાયટી, નવરંગપુરા) એ તા.૫/૩/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧/૩/૧૭ સાંજનાં ૬/૫૦ થી ૬/૫૫ વાગ્યા દરમ્યાન નવરંગપુરા મીઠાખળી છ રસ્તા નજીક આવેલ મેડીસર્જ હોસ્પિટલની પાસે આવેલ પાણીપુરીની લારી નજીક પાર્ક કરેલ પોતાની એક્ટિવાની ડેકીમાંથી અજાણી વ્યક્તિ રોકડ રૂપિયા ૫,૦૦,૦૦૦/- મુકેલ કેનવાસનાં કવરની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.ગોસ્વામી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>વાહન ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૭૦/૧૭</u>**

**સરખેજ** : નિકુંજભાઈ જશવંતભાઈ ખંધાર (રહે, પુષ્પ રેસીડેન્સી ધરણીધર દેરાસરની પાછળ વાસણા) તા.૨/૩/૧૭ ના કલાક ૧/૩૦ વાગ્યાનાં સુમારે સરખેજ ઉજાલા હોટલની આગળ રોડ પોતાની આઈવા ગાડી નંબર જીજે.૦૧.ઇ.ટી.૨૨૬૬ કિંમત રૂપિયા ૨૮,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧૦ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ નિકુંજભાઇ ખંધારે તા.૫/૩/૧૭ નારોજ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.એસ.ઈસરાણી ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૭૧/૧૭</u>**

**મેઘાણીનગર** : લીલાબેન વા/ઓ રમણભાઇ દંતાણી (રહે,સ્લમ ક્વાટર્સ, પતરાવાળી ચાલી ચમનપુરા મેઘાણીનગર) તા.૪/૩/૧૭ ના કલાક ૧૨/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પ્રાઇમસ ઉપર ખાવાનું બનાવતા હતા દરમ્યાન પ્રાઇમસ અચાનક ફાટતાં, લીલાબેન શરીરે ગંભીર રીતે દાઝી જતાં સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પિટલ લઇ જતા, સારવાર દરમ્યાન બપોરનાં ૧/૨૫ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.પી.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૭૨/૧૭</u>**

**રિવરફ્રન્ટ (વેસ્ટ)** : (૧) મનોજભાઇ ગીરીશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૨) અને (૨) પ્રકાશભાઇ ગીરીશભાઇ ચૌહાણ (ઉ.વ.૨૭)(બંને રહે,સરદાર બ્રીજ મ્યુ.હેલ્થ ક્વાટર્સ જમાલપુર) તા.૪/૩/૧૭ રાતના ૧૧/૧૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ કિનારે સરદાર બ્રીજ ઉપરથી મનોજભાઇએ કોઇ અગમ્ય કારણસર સાબરમતી નદીના પાણીમાં ડુબી જઈ મરણ જવા સારૂ પડતુ મુકતાં તેમનાં ભાઇ પ્રકાશભાઇએ પણ મનોજભાઇને બચાવવા સારૂ નદીમાં પડતુ મુકતાં બંને ભાઇઓનાં નદીનાં પાણીમાં ડુબી જવાથી મૃત્યુ નિપજ્યા હતા. આ અંગે રિવરફ્રન્ટ(વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પૂંજાભાઇ કરશનભાઇ ચલાવે છે.

(૨) નરેશકુમાર જયંતીભાઇ મકવાણા (ઉ.વ.૨૨)(રહે,સિહોરી વજાણી પાટી તા.સિહોરી (કાંકરેજ) જી.બનાસકાંઠા) તા.૫/૩/૧૭ સાંજના ૬/૪૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીના પશ્ચીમ કિનારે વલ્લભ સદન પાછળના ભાગે રિવરફ્રંટ વોક-વે પગથીયા નં-૩૧ પાસે કોઈ અગમ્ય કારણસર સાબરમતી નદીના પાણીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રન્ટ(વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રામસિંગભાઇ નંદરીયાભાઇ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)